ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧
SGCCI
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૨૧/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

# ચેમ્બરના વર્ષ ૨૦૧૯–૨૦ના ઉપપ્રમુખની ચૂંટણીમાં શ્રી દિનેશ નાવડિયાનો વિજય

## ચેમ્બરના વર્ષ ૨૦૧૯–૨૦ના પ્રમુખ તરીકે શ્રી કેતન દેસાઇને બિનહરીફ જાહેર કરાયા

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વર્ષ ૨૦૧૯–૨૦ માટેના ઉપપ્રમુખપદ માટેની ચૂંટણીનું મતદાન રવિવાર, તા. ૨૧/૦૪/૨૦૧૯ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૦૫.૦૦ કલાક દરમિયાન પ્લેટીનમ હોલ, સરસાણા, સુરત ખાતે રાખવામાં આવ્યુ હતુ. બે ઉમેદવારો વચ્ચે યોજાયેલી ચૂંટણીમાં શ્રી દિનેશ નાવડિયાનો વિજય થયો હતો. ચેમ્બરના વર્ષ ૨૦૧૯–૨૦ના પ્રમુખ તરીકે શ્રી કેતન દેસાઇ બિનહરીફ ચૂંટાઇ આવ્યા હતા.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના વર્ષ ૨૦૧૯–૨૦ માટેના ઉપપ્રમુખપદ માટે કુલ ૧૬ ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. ૧૪ જેટલા ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. ચૂંટણીના છેલ્લા બે દિવસ દરમ્યાન શ્રી દિનેશ આર. નાવડિયા અને સીએ મિતિષકુમાર સન્મુખલાલ મોદીએ ઉમેદવારી પાછી નહી ખેચતા તેઓની વચ્ચે ચૂંટણી રાખવાનું ચૂંટણી સમિતિ દ્વારા નકકી કરવામાં આવ્યુ હતુ. આથી આજરોજ શ્રી દિનેશ આર. નાવડિયા અને સીએ મિતિષકુમાર સન્મુખલાલ મોદીની વચ્ચે ચૂંટણી યોજાઇ હતી.

ચેમ્બરના વર્ષ ૨૦૧૯–૨૦ના ઉપપ્રમુખ પદ માટે આજરોજ યોજાયેલી ચૂંટણીના અંતે કુલ ૩૪૧૦ મતો પડ્યા હતા. જેમાંથી ૫૭ મત રદ કરવામાં આવ્યા હતા. ચૂંટણીમાં પડેલા કુલ ૩૪૧૦ મતોમાંથી ૫૭ મતો રદ કરવામાં આવતા ૩૩૫૩ મતોની ગણતરી કરવામાં આવી હતી.

રવિવારે સાંજે ચૂંટણી સમિતિના સભ્યો, ઓફિસ બેરર્સ, ચેમ્બરના ભુતપુર્વ પ્રમુખશ્રીઓ, બંને ઉમેદવારો તથા તેમના સમર્થકોની હાજરીમાં મત ગણતરી કરવામાં આવી હતી. જેમાં શ્રી દિનેશ આર. નાવડિયાને ૧૮૨૩ મતો અને સીએ મિતિષકુમાર સન્મુખલાલ મોદીને ૧૫૩૦ મતો મળ્યા હતા. શ્રી દિનેશ આર. નાવડિયાએ સીએ મિતિષકુમાર સન્મુખલાલ મોદી કરતા ૨૯૩ મતો વધારે મેળવીને વિજય હાંસલ કરી હતી.

આ ચૂંટણીમાં ચેમ્બરના વર્ષ ૨૦૧૯–૨૦ના પ્રમુખ તરીકે શ્રી કેતન દેસાઇ સામે કોઇ ઉમેદવારે દાવેદારી નહી નોંધાવતા તેઓ બિનહરીફ ચૂંટાયા હતા. આથી ચૂંટણી કમિટીના ચેરમેન સીએ પી.એમ. શાહે ચેમ્બરના વર્ષ ૨૦૧૯–૨૦ના પ્રમુખ તરીકે શ્રી કેતન દેસાઇ અને ઉપપ્રમુખ તરીકે શ્રી દિનેશ આર. નાવડિયાની જાહેરાત કરી હતી. બધાએ ચૂંટાયેલા પ્રમુખ અને ઉપપ્રમુખને અભિનંદન પાઠવ્યા હતા.